# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

"પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.

પ્રતિ, તા. ૨૧/૧૧/૨૦૧૭

તંત્રીશ્રી,

..................................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન પ્રસિધ્ધ કરશોજી.

લિ.

(વિનોદ જૈન)

મીડિયા કન્વીનર, સુરત

- **ભા.જ.પા.ના ૯ ઉમેદવારોએ વાજતે–ગાજતે વિજય મૂહુર્તમાં ઉમેદવારી નોંધાવી.**
- **કામરેજ, સુરત (પૂર્વ), ઉત્તર, કરંજ, લિંબાયત, ઉધના, મજુરા, કતારગામ અને ચોર્યાસી વિધાનસભાના ઉમેદવારોનું ઠેર ઠેર ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું : વિજયોત્સવ જેવો માહોલ સર્જાયો.**
- **"ભારત માતા કી જય", "વંદે માતરમ્"ના ગગનભેદી નારા સાથે સમગ્ર શહેર ગુંજી ઉઠયું.**
- **શહેર અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલાએ પાર્ટીના તમામ ઉમેદવારોને ભવ્ય જીતની શુભેચ્છા પાઠવી સુરત મહાનગરને કોંગ્રેસ મુક્ત બનાવવાનું આહ્વાન કર્યુ હતું.**

સુરતની નવ વિધાનસભાના ભા.જ.પા.ના ઉમેદવારોએ આજે વિજય મૂહુર્તમાં પોતાની ઉમેદવારી નોંધાવી હતી. ભા.જ.પા.ના તમામ ઉમેદવારોનું ઠેર–ઠેર ભવ્ય સ્વાગત કરવામાં

આવ્યું હતું. કંકુ ચોખા, શ્રીફળ, માળા, ઢોલ–નગારા, ફટાકડા તથા મીઠાઈ વહેંચીને કાર્યકર્તાઓ તથા સમર્થકોએ પાર્ટીના ઉમેદવારોને વધાવી લીધા હતા.

**૧૬૮–ચોર્યાસી વિધાનસભાના** લોકપ્રિય ઉમેદવાર શ્રીમતી ઝંખનાબેન પટેલ ખુલ્લી જીપમાં સવાર થઈ ભેસ્તાન ખાતે સરદાર સાહેબની પ્રતિમાને હાર તોરા કરી શરૂઆત કરી હતી. ધારાસભ્ય શ્રી નરોત્તમકાકાની વિશેષ ઉપસ્થિતિમાં પોતાના સમર્થકો, કાર્યકર્તાઓ સાથે ભેદવાડ પ્રેમનગર આંબેડકરજીની પ્રતિમાને ફુલહાર કરી, દક્ષેશ્વર મંદિર પાસેથી નીકળી પિયુષ પોઈન્ટ થી ૧૨૦ ફુટના રોડ પરથી સોસીયો સર્કલ નવી સીવીલ હોસ્પીટલ અઠવા ગેટથી જિલ્લા સેવા સદન ખાતે ઉમેદવારી પત્ર ભર્યુ હતું.

**૧૬૦–ઉત્તર વિધાનસભાના** લોકલાડિલા ઉમેદવાર શ્રી કાંતિભાઈ બલર સૌ પ્રથમ વહેલી સવારે તેમના સમર્થકો સાથે ઉમિયાધામ મંદિરે દર્શન કર્યા હતા. પોતાના સમર્થકો, કાર્યકર્તાઓ સાથે રેલી સ્વરૂપે નીકળેલા ઉમેદવાર શ્રી કાંતિભાઈ બલરનું ઠેર ઠેર ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમની સાથે વિધાનસભાના દંડક શ્રી અજયભાઈ ચોકસી સહિત પાર્ટીના આગેવાનો ખાસ ઉપસ્થિ રહ્યા હતા. બહુમાળી ભવન ખાતે ઉમેદવાર શ્રી કાંતિભાઈ બલરે પોતાનું ઉમેદવારી પત્રક ભર્યુ હતું.

**૧૬૫–મજૂરા વિધાનસભાના** યુવા અને લોકપ્રિય ઉમેદવાર શ્રી હર્ષભાઈ સંઘવી તેમના હજારો સમર્થકો સાથે સાયકલ પર સવાર થઈ તેમની સાથે પણ ૧૦૦૦ સાયકલો સાથે ૨૦ જેટલા ઢોલીઓના તાલ સાથે કેસરીયા ખેસ, ટોપી સાથે પાર્લે પોઈન્ટ થઈ રતનબાગ થી જિલ્લા સેવા સદન, બ્લોક નં.–બીમાં તેમનું ઉમેદવારી પત્રક ભરવામાં આવેલ હતું.

**૧૬૬–કતારગામ વિધાનસભાના** લોકપ્રિય ઉમેદવાર શ્રી વિનુભાઈ મોરડીયાનું તેમના હજારો સમર્થકો સાથે વેડ સ્વામિનારાયણ ગુરૂકુલમાં દર્શન કરી સ્વામીજીના આશિર્વાદ લઈ લગભગ ૭૦૦ બાઈક સાથે હજારોની સંખ્યામાં સમર્થકો સાથે વેડ દરવાજા થઈ તેમનું ઉમેદવારી પત્રક ભરવા ગયા હતા. જેમાં વિશેષ સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ, મંત્રી શ્રી નાનુભાઈ વાનાણી, શહેર પ્રમુખ શ્રી નીતિનભાઈ ભજીયાવાલા, પૂર્વ મેયર શ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા ઉપસ્થિત રહ્યા હતા.

**૧૫૮–કામરેજ વિધાનસભાના** લોકલાડીલા ઉમેદવાર શ્રી વી.ડી. ઝાલાવડીયાનું આજ રોજ ઉમેદવારી પત્રક ખૂબ જ મોટી રેલી સ્વરૂપે કામરેજ તાલુકા સેવા સદન પર ભરવામાં આવ્યું હતું.

આ રેલીમાં ખૂબ જ વિશાળ સંખ્યામાં કાર્યકર્તા મિત્રો અને વિસ્તારના આગેવાનો ભાઈઓ અને બહેનો જોડાયા હતા. તેમનું રસ્તામાં ઠેર ઠેર વિવિધ સોસાયટીના આગેવાનો, કાર્યકર્તાઓ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું અને અનેરા ઉત્સાહ અને વિજય સંકલ્પ સાથે તેમણે પોતાનું ઉમેદવારી પત્રક ભર્યુ હતું.

**૧૫૯–પૂર્વ વિધાનસભાના** લોકપ્રિય ઉમેદવાર શ્રી અરવિંદભાઈ રાણાનું નામાંકન ભરવા માટે કોટસફીલ રોડથી બહુમાળી ભવન ખાતે જવા માટે વિશાળ સંખ્યામાં બાઈક રેલી સ્વરૂપે નિકળ્યા હતા. આ પ્રસંગે શહેર પ્રમુખ શ્રી નીતિનભાઈ ભજીયાવાલા, સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ, ડે. મેયર શ્રી શંકરભાઈ ચેવલી, અખિલ ભારત રાણા સમાજના પ્રમુખ શ્રી કંચનભઈ ચપડીયા, ફકીરભાઈ ચૌહાણ, ગીતાબેન દેસાઈ તથા ખૂબ મોટી સંખ્યામાં સંગઠનના હોદ્દેદારો, કાર્યકર્તા મિત્રો, વિવિધ સમાજના અગ્રણીઓ તથા શુભેચ્છકો હાજર રહ્યા હતા.

**૧૬૪–ઉધના વિધાનસભાના** લોકલાડીલા ઉમેદવાર શ્રી વિવેકભાઈ પટેલના ઉમેદવારી પત્રક ભરવા જતા પહેલા ભેસ્તાન ચાર રસ્તા પર સરદાર સાહેબની પ્રતિમાને ફુલહાર અર્પણ કરી ખુલ્લી જીપમાં સવાર થઈ વાહન રેલી આકારે કાર્યકર્તાઓ તેમજ વિસ્તારના પદાધિકારીઓ સાથે નિકળ્યા હતા. જેમાં પિયુષ પોઈન્ટ પાંડેસરા ખાતે ૧૨૦ ફુટ રોડ પર વેલકમ પાન સેન્ટર પાસે, સોસીયો સર્કલ પાસે, મજુરાગેટ સર્કલ પાસે જે તે વિસ્તારના મતદાતાઓ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ઉધના મામલતદાર કચેરી, અઠવાલાઈન્સ ખાતે ઉમેદવાર શ્રી વિવેકભાઈ પટેલે તેમનું ઉમેદવારી પત્રક ભર્યુ હતું.

**૧૬૩–લિંબાયત વિધાનસભાના** ઉમેદવાર શ્રીમતી સંગીતાબેન પાટીલ ઝાંસી કી રાણી લક્ષ્મીબાઈના પરિવેશમાં ઘોડા ઉપર સવાર થઈ તેમના કાર્યકર્તાઓ સાથે રેલી સ્વરૂપે શ્રીજી આર્કેડ, ભુલકા ભવનથી ફોર્મ ભરવા માટે સ્પીપા, ગંગેશ્વર મહાદેવ મંદિર, અડાજણ ખાતે પહોંચ્યા હતા. રેલી દરમિયાન ખાસ મુંબઈથી આવેલ પથક ઢોલ ગૃપ દ્વારા અસલ મરાઠી સ્ટાઈલમાં ઢોલ, ત્રાસા, નગારા, લેઝીમ દ્વારા વાતાવરણને સંગીતમય બનાવ્યું હતું.

જેની સાથે કાર્યકર્તાઓના કેસરીયા ખેસ, ટોપી, ઝંડા વિગેરેના પગલે કેસરીયા માહોલનું નિર્માણ થયું હતું. આ નોમીનેશન સરઘસને જોતા તેમના વિજયરથને કોઈ રોકી શકે તેમ નથી લાગતું.

**૧૬૨–કરંજ વિધાનસભાના** લોકપ્રિય ઉમેદવાર શ્રી પ્રવિણભાઈ ઘોઘારી પોતાના સમર્થકો, કાર્યકર્તાઓ સાથે બાઈક રેલી સ્વરૂપે ફોર્મ ભરવા માટે મધ્યસ્થ કાર્યાલય થી રવાના થયા હતા. મધ્યસ્થ કાર્યાલય થી રાધાકૃષ્ણ મંદિર, ઈશ્વરકૃપા સોસાયટી, રંગ અવધુત ચાર રસ્તા, માતાવાડી ચાર રસ્તા, લંબેહનુમાન રોડ પર ઠેર ઠેર તેમનું ભવ્યાતિભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. અઠવાલાઈન્સ સ્થિત જિલ્લા સેવા સદન ખાતે વિજય મૂહુર્તમાં ઉમેદવાર શ્રી પ્રવિણભાઈ ઘોઘારીએ પોતાનું ફોર્મ ભર્યુ હતું.

છેલ્લા બે દિવસમાં ભારતીય જનતા પાર્ટીના તમામ ઉમેદવારોએ પોતાની ઉમેદવારી નોંધાવી હતી. જે દરમિયાન ઠેર ઠેર વિજયોત્સવ જેવો માહોલ સર્જાયો હતો. આ પ્રસંગે શહેર અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલાએ સુરત મહાનગરની ૧૨ વિધાનસભાના તમામ ઉમેદવારોને ભવ્ય જીત સાથેની શુભેચ્છા પાઠવી હતી અને સુરત મહાનગરને કોંગ્રેસ મુક્ત બનાવવાનું આહ્‌વાન કર્યુ હતું.